દાદા ભગવાન પરિવારનું

જૂલાઈ ૨૦૧૮

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ

# સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ

## સંપાદકીય

બાળમિત્રો,

આપણો દેશ એ સંતોની અને જ્ઞાનીઓની ભૂમિ છે. ધર્મ અને અધ્યાત્મથી છલકાતા આપણા દેશમાં દરેક કાળે સંતો અને જ્ઞાનીઓ જન્મ લે છે. કળિયુગ પણ એમાંથી બાકાત નથી રહ્યો.

સંતો અને જ્ઞાનીઓ અને એમના થકી વહેતો ધર્મ અને અધ્યાત્મ એ જ આપણા દેશની સંસ્કૃતિ છે. બીજા દેશો બાહ્ય પ્રગતિ માટે મોખરે છે, જ્યારે આપણો દેશ આંતરિક પ્રગતિ માટે મોખરે છે. એનો શ્રેય આ બધા સંતો અને જ્ઞાનીઓને જ જાય છે.

તો આવો, આજે આપણે સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષને ઝીણવટથી ઓળખીએ. બધા વચ્ચે શું ભેદ છે એને સમજીએ. અને એમના પ્રત્યે આપણા હૃદયમાં ખૂબ અહોભાવ સંપાદન કરીએ.

- ડિમ્પલ મહેતા




વર્ષ : ૧૦, અંક : ૧૧
સળંગ અંક : ૧૧૯
જૂલાઈ ૨૦૧૮



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

**પ્રશ્નકર્તા :** સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ આ ત્રણેયમાં શું ફેર ?

**દીપકભાઈ :** જેમનું ચિત્ત નિર્મળ થઈ ગયેલું છે એમને સંત પુરુષ કહેવાય. એમને સંસારમાં લક્ષ્મીની આકાંક્ષા ખલાસ થઈ ગઈ છે. વિષય-વિકારના તોફાન ખલાસ થઈ ગયા છે. ફક્ત સાત્વિક અહંકાર હોય કે ભગવાન તારું ભલું કરશે, ભગવાનનું નામ લેજે. તેઓ માણસે માણસે સુખ-શાંતિ આપતા હોય. અને પોતે, હું ભગવાન કરાવે એટલું કરું છું. બાકી મને કાંઈ આવડે નહીં. એટલે અહંકારેય ડાઉન હોય. જે ચોખ્ખા હૃદયના છે એ બધા સંત પુરુષ કહેવાય. સંસારની કોઈ કામના નથી એમને. પણ અહંકાર છે હજુ, એમને આત્માનો સાક્ષાત્કાર થયો નથી. એ બધા સંત પુરુષ કહેવાય.

જેમને જ્ઞાનીપુરુષ દ્વારા આત્માનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, જે સંયમી થયા છે, એ બધા સત્ પુરુષ કહેવાય.

અને જ્ઞાની પુરુષ એટલે પોતે આત્માના અનુભવી છે. જેમના રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ ખલાસ થઈ ગયા છે. જેમને કંઈ વાંચવાનું બાકી નથી, જાણવાનું બાકી નથી, માળા ફેરવવાની બાકી નથી, વિષય-કષાયના પરમાણુ ખલાસ થઈ ગયા છે. મુક્ત થયા છે. કેવળ આત્મારૂપ જ રહે છે તે જ્ઞાની પુરુષ. આવા જ્ઞાનાવતાર તો કો'ક ફેરો જ હોય, એ હોય નહીં. તેથી એમને દુર્લભ, દુર્લભ, દુર્લભ કહ્યા છે.




એટલે આ જગતમાં જો મનુષ્યોને કંઈ પણ સુખ-શાંતિ થતી હોય તો આ ત્રણ એના મોટા નિમિત્તો છે. સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ. બાકી સંસારમાં જેટલા ભૌતિક સુખો છે એ સુખ શાંતિ આપનારા નથી. સંતોની વાતો, જ્ઞાની પુરુષની વાતો, એમના અવલંબનથી માણસને જીવનમાં કંઈક શાંતિ થાય.

**પ્રશ્નકર્તા :** પછી આગળ કહે છે કે સંત પુરુષનું યોગબળ, સત્ પુરુષનું યોગબળ, જ્ઞાની પુરુષનું યોગબળ આખા જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો.

**દીપકભાઈ :** બરોબર છે. એમનો વચનયોગ, મનોયોગ અને દેહયોગ બધુંય કલ્યાણકારી હોય. એ પોતે સંત થયા છે, જ્ઞાની થયા છે એટલે એમના વાણી, વિચાર, વર્તનથી લોકોને સુખ થાય, શાંતિ થાય, એમની હાજરીથી આનંદ થઈ જાય. દુઃખ મટી જાય. માટે એ પ્રાર્થના કરીએ છીએ કે લોકોને શાંતિ થાઓ.

એવું રોજ બોલાવડાવીએ અમે, એનું શું કારણ છે ? આ બોલવાથી બહારની જે ખરાબ અસરો છે એ નિર્બળ થઈ જાય. અત્યારે જગત બહુ જ ખરાબ સ્થિતિમાં છે અને હજુ થોડા વર્ષ સુધી સ્થિતિ ખરાબ રહેવાની છે. એટલી બધી ખરાબ રહેવાની છે કે ન પૂછો વાત ! માટે આ જગતનું કલ્યાણ થાય એવું રોજ આપણે બોલવું જોઈએ.

સંતો સાથે શિષ્યોનો સંબંધ હોય. એ મારા ગુરુ અને હું એમનો શિષ્ય. અને જ્ઞાની સાથેનો પરમ વિનયનો સંબંધ છે, ગુરુ શિષ્ય તરીકે નહીં. જ્ઞાની જ મારો આત્મા છે. એટલે પછી ત્યાં અભેદભાવ છે. અથવા તો પરમ વિનય હોય.





# આ તો નવી



સંત પુરુષ, સત્ પુરુષ અને જ્ઞાની પુરુષ - આ ત્રણ જ છેને, આ જગતનું કલ્યાણ કરવાનું નિમિત્ત હોય છે. બાકી ભગવાન પણ કલ્યાણ ન કરી શકે આ જગતનું. કારણ કે કલ્યાણનું નિમિત્ત દેહધારી રૂપે હોવા જોઈએ !

સંત પુરુષ અશુભમાંથી શુભમાં લાવે, એટલે કે ખરાબ છોડાવે અને સારું પકડાવે. જ્યારે જ્ઞાની પુરુષ શુભાશુભમાંથી શુદ્ધમાં લાવે એટલે કે આત્મામાં લાવે.

# જ વાત !





આ ત્રણ નિમિત્તો છે. માટે આપણે અહીં આગળ રોજ આવી રીતે બોલવું જોઈએ કે,

'પ્રત્યક્ષ સંતપુરુષોનું યોગબળ આ જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો. પ્રત્યક્ષ સત્પુરુષોનું યોગબળ આ જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો. પ્રત્યક્ષ જ્ઞાની પુરુષનું યોગબળ આ જગતનું કલ્યાણ કરો, કલ્યાણ કરો, કલ્યાણ કરો.'

આ જેટલું બોલશોને, તો આમાં જગત કલ્યાણ કરવાની ભાવના, એટલું જ છે. !



# સંત શ્રી રમણ મહર્ષિ

મહર્ષિ રમણનો જન્મ ૧૮૭૯માં તમિલનાડુના મદુરાઈ શહેરથી ૩૦ કિલોમીટર દૂર એક નાનકડા ગામમાં થયો હતો. તેમનું નાનપણનું નામ વેંકટરમણ હતું.

મહર્ષિ રમણનું વ્યક્તિત્વ બાળપણથી જ તેજસ્વી અને નિરાળુ હતું. તેમને વિદ્યાભ્યાસમાં રસ ન હતો. એક દિવસ તેમના શિક્ષકે તેમને વ્યાકરણનાં ત્રણ પ્રકરણ લખવા માટે આપ્યાં. લખતાં લખતાં તેમને વિચાર આવ્યો કે આ નિરર્થક છે. એ જ સમયે પેન્સિલ, પુસ્તક બાજુએ મૂકીને તેઓ સંતોના સાહિત્યનું અધ્યયન કરવા લાગ્યા. આ તેમના આધ્યાત્મિક જીવનની પ્રારંભિક અવસ્થા હતી. તેઓ જીવનના ઉદ્દેશની શોધમાં હતા.

સોળ વર્ષની ઉંમરે તેમને એક ગજબની આધ્યાત્મિક અનુભૂતિ થઈ. તેઓ તેમના મામાને ઘરે બારીમાં બેઠા હતા. અચાનક તેઓ મૂર્છિત થઈને પડી ગયા. તેમને એવું થયું કે તેમનું મૃત્યુ થઈ ગયું છે. એમને એવું ભાસ્યું કે લોકો એમના દેહને બાળવા માટે સ્મશાનમાં લઈ જઈ રહ્યા છે. આ અનુભવ તેમને ઝંઝોળી ગયો. એમને લાગ્યું કે દેહ તો એક દિવસ બળીને ભસ્મ થઈ જવાનો છે. તો દેહના લાલનપાલન માટે સમય ગુમાવવો વ્યર્થ છે. સમય વેડફ્યા વગર, આત્માની ઉન્નતિ માટે જ કંઈક કરવું જોઈએ. આ અનુભવ બાદ તેઓ સોળ વર્ષની નાની વયે એકાંત સાધનામાં બેસી ગયા.

મહર્ષિ રમણને નાનપણથી જ અરુણાચલ પ્રદેશનું વિશેષ આકર્ષણ હતું. તે નાના હતા ત્યારે તેમના ઘરે અરુણાચલ પ્રદેશથી કોઈ અતિથિ આવ્યા હતા. 'અરુણાચલ' શબ્દ સાંભળીને જ



વેંકટરમણ પ્રભાવિત થઈ ગયા હતા. તેમણે મનોમન વિચાર કર્યો, "હું એક દિવસ ચોક્કસ અરુણાચલ જઈશ." અરુણાચલ પ્રદેશમાં આવેલું અરુણાચલેશ્વર મંદિર તેમને ખૂબ આકર્ષતું હતું. મહર્ષિ રમણ ત્યાં ક્યારેય ગયા ન હતા, પરંતુ એ મંદિર તેમને આબેહૂબ દેખાતું હતું. અરુણાચલેશ્વર મંદિરની ઝંખના તેમને એક દિવસ મંદિર સુધી ખેંચી ગઈ.

રમણને લાગ્યા કરતું હતું કે વ્યર્થ કાર્યોમાં તેમનો મૂલ્યવાન સમય વેડફાઈ રહ્યો છે. એક દિવસ એમનું મન ખૂબ જ વ્યગ્ર બની ગયું. બસ, તે જ વખતે તેમણે મક્કમ મને અરુણાચલેશ્વર જવાનું નક્કી કર્યું. ઘરમાં માતાશ્રીને એક ચિઠ્ઠી લખીને તેઓ ઘર છોડીને જતા રહ્યા. અરુણાચલેશ્વર પહોંચીને તેમણે વિધિવત્ સંન્યાસ ધારણ કર્યો અને રાત-દિવસ સાધના કર્યા બાદ રમણ મહર્ષિ જનકલ્યાણના માર્ગે વળ્યા.


મહર્ષિના સાનિધ્યમાં અનેક ભક્તો પરમશાંતિનો અનુભવ કરતા. દેશ-વિદેશથી સાધકો એમના દર્શને આવતા અને સાચી સમજણનો સાર પામી જતા. મહર્ષિનો સત્સંગ એમના માતાશ્રીને પણ આશીર્વાદ રૂપ થઈ પડ્યો અને તેઓ પણ અધ્યાત્મ તરફ વળ્યા. માતાશ્રી જ્યારે ભયંકર માંદગીમાં સપડાયા, ત્યારે મહર્ષિએ દિવસ-રાત, દિલથી એમની સેવા કરી.

મહર્ષિ પ્રત્યેક જીવની લાગણીનો ખ્યાલ રાખતા. કોઈક વાર જાણ્યે અજાણ્યે જો કોઈ જીવની લાગણી દુભાય તો તેઓ તુરંત પોતાની ભૂલને વાળી લેતા.

એકવાર તેઓ અરુણાચલના પર્વતીય પ્રદેશમાંથી પસાર થઈ રહ્યા હતા. એમના ડાબા પગે એક મધપૂડો અથડાયો. રોષે ભરાયેલી મધમાખીઓ મહર્ષિ પર તૂટી પડી.

મહર્ષિને પોતાની ભૂલ સમજાઈ. સહેજ પણ ગભરાયા વિના તેઓ ત્યાં જ ઉભા રહ્યા અને ડંખનું દર્દ શાંતિપૂર્વક સહન કર્યું.

મધમાખીઓએ વેરભાવ પૂરો કરીને ડંખ મારવાનું બંધ કર્યું, પછી જ મહર્ષિ આગળ વધ્યા. મહર્ષિ અવારનવાર કહેતા કે "આપણે જો અન્ય જીવોને નુકસાન ના પહોંચાડીએ, તો એમનાથી ડરવાનું કારણ જ ક્યાં છે ? એ આપણને નુકસાન નહીં કરે."



મહર્ષિના આશ્રમમાં હિંસક પ્રાણીઓ પણ શાંત બની જતાં. વાંદરા, પક્ષીઓ, ગાય, ખિસકોલી વગેરે તેમના આશ્રમમાં આરામથી રહેતા.

મહર્ષિ રમણ, જીવનના અંતિમ સમય સુધી અરુણાચલેશ્વર આશ્રમમાં રહ્યા. તેઓએ ૨૪ એપ્રિલ, ૧૯૫૦ના દિવસે સેવાશ્રમમાં જ અંતિમ શ્વાસ લીધા.

## આજે પણ, આશ્રમમાં આવનાર દરેકને, મહર્ષિની સૂક્ષ્મ હાજરી વર્તાય છે.


# સત્ પુરુષ શ્રી લઘુરાજ સ્વામી

ઈ.સ.૧૮૫૦ની આજુબાજુના સમયને ભારતના ઈતિહાસનો સંક્રાતિકાળ ગણી શકાય. આ સમય દરમિયાન ભારતમાં મરાઠા અને મોગલસત્તાનો અંત આવ્યો હતો અને અંગ્રેજી સત્તા વ્યાપક બની હતી. રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રોમાં અવનવી ઘટનાઓ આકાર લઈ રહી હતી. આ સમય દરમિયાન શ્રી લઘુરાજ સ્વામીનો જન્મ થયો હતો.

ગરવી ગુજરાતના ધોળકા તાલુકાના વટામણ ગામે આ પુનીત આત્માનો જન્મ થયો. બાળકનું નામ “લલ્લુભાઈ” રાખવામાં આવ્યું. તેમના પિતાનું નામ શ્રી કૃષ્ણદાસ અને માતાનું નામ કુશળબાઈ હતું. વૈષ્ણવ સંપ્રદાયનું આ કુટુંબ ગામમાં અગ્રગણ્ય ગણાતું.

બાળકમાં પૂર્વના ઉત્તમ સંસ્કારોનો આભાસ નાનપણથી જ થવા લાગ્યો હતો. તેઓ સહુ સાથે વિનય અને પ્રેમથી વર્તતા. મહેમાનો પ્રત્યે આદરભાવ રાખી તેમની સેવા કરતા. ગામમાં વિવિધ કોમના મનુષ્યો વચ્ચે સંપ જળવાઈ રહે તેવી પ્રવૃતિઓ તેઓ કરતા.

યુવાવયમાં આજીવિકા માટે તેઓએ ધીરધારનો ધંધો શરૂ કર્યો. પ્રમાણિક અને સરળ સ્વભાવના લલ્લુભાઈની વૃતિ ઉદાર હોવાથી ઘણા લોકો તેમની પાસેથી પૈસા લઈ જતા અને વ્યાજ સહિત પરત પણ કરતા. ઉઘરાણી જ્યારે સમયસર ના આવે ત્યારે પૈસા વસૂલ કરવા કોઈપણ જાતના પગલા ભરવાની વૃતિ તેમના કરુણામય હૃદયમાં ઉપજતી નહીં.




જીવન સુખમય વ્યતીત થઈ રહ્યું હતું. એકાએક લલ્લુભાઈના શરીરમાં એક માંદગી આવી પડી. એમને એવો રોગ લાગુ થયો કે બાર માસમાં એમનું શરીર ખૂબ જ ક્ષીણ થઈ ગયું. અનેક ઉપચારો કરવા છતાંય એકેય ઉપાય કામ ના લાગ્યો. શરીર વધુ ટકશે નહીં એમ લાગવાથી પોતાની ખબર કાઢવા આવનાર દરેકને તેઓ પતાસા આપતા અને પોતાના દોષોની ક્ષમાયાચના પણ માંગતા.

આ ગંભીર માંદગીથી લલ્લુભાઈને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે મનોમન દ્રઢ પ્રતિજ્ઞા કરી કે જો રોગ મટશે, તો તેઓ સંસાર ત્યાગ કરી સાધુ બની જશે. જાણે

આ દ્રઢ પ્રતિજ્ઞાના બળથી, એક સાધારણ દવાના ઉપચારથી તેમનો રોગ મટી ગયો. સ્વાસ્થ્ય પ્રાપ્ત થતાં જ પ્રતિજ્ઞા અનુસાર લલ્લુભાઈ શ્રી હરખચંદજીના દર્શને ગયા અને ગુરુજી પાસે પહોંચી, દીક્ષા લેવાની ભાવના પ્રદર્શિત કરી. મુનિશ્રીએ માતા-પિતાની આજ્ઞા પ્રાપ્ત કરવા જણાવ્યું.

થોડા સમય બાદ લલ્લુજીના માતુશ્રીએ લલ્લુજીને દીક્ષાની સંમતિ આપી. એક શુભ મુહૂર્તમાં લલ્લુજીએ ખંભાત મુકામે દીક્ષા લીધી અને સાધુ જીવન જીવવા લાગ્યા. લલ્લુજી મુનિ શાસ્ત્ર અભ્યાસ, સ્તવન ભક્તિ અને ધ્યાન આદિ પ્રવૃતિઓમાં રહેવા લાગ્યા. તેમની સરળતા અને ગુરુભક્તિથી તેઓ



સકળ સંઘમાં લોકપ્રિય બની ગયા.

દિવાળીના દિવસોમાં શ્રીમદ્ રાજચંદ્ર ખંભાત પધાર્યા. પ્રથમ વખત લલ્લુજી મુનિને શ્રીમદ્‌નો સત્ સમાગમ પ્રાપ્ત થયો. જાણે પૂર્વેની કોઈ ઓળખાણ હોય, તેમ પ્રથમ વાર દર્શન થતાં જ લલ્લુજી મુનિ શ્રીમદ્ સામે ઝૂકી ગયા. શ્રી લલ્લુજીએ શ્રીમદ્‌ને ત્રણ વખત સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને આત્માની ઓળખાણ માટે માંગણી કરી. શ્રીમદ્‌જીએ પણ લલ્લુમુનિના પૂર્વના સંસ્કાર જાણી, પોતે ખંભાતમાં રહ્યા ત્યાં સુધી દરરોજ તેમને બોધ આપ્યો.

શ્રી લલ્લુજીનો શ્રીમદ્ સાથેનો પરિચય તથા પત્ર વ્યવહાર વધવા લાગ્યો. તેમના હૃદયમાં શ્રીમદ્‌જી પ્રત્યે અપૂર્વ ભક્તિ અને અનન્ય પ્રેમ સ્થાપિત થઈ ગયા. જ્યારે જ્યારે શ્રીમદ્‌જીના પત્રો આવતા, ત્યારે તેઓ પત્રની પ્રદક્ષિણા કરતા. પોતાને મહાભાગ્યશાળી માની, હર્ષોલ્લાસથી પત્ર ખોલીને વાંચતા. લલ્લુજી મહારાજની દ્રષ્ટિમાં શ્રીમદ્‌જી પરમાત્મા જ હતા. જીવનભર તેઓ શ્રીમદ્‌જીની ભક્તિમાં

તન્મય રહ્યા.

જે દિવસે શ્રીમદ્ રાજચંદ્રનો દેહવિલય થયો, તે દિવસે શ્રી લલ્લુજી મુનિને ઉપવાસ હતો. રાત્રિ જંગલમાં ગાળી, બીજા દિવસે લલ્લુજી મુનિ ગામમાં આવ્યા, ત્યારે તેમને શ્રીમદ્‌ના દેહવિલયના સમચાર મળ્યા. આ સમાચાર મુનિશ્રી માટે અસહ્ય હતા. તેઓ જંગલમાં પાછા ચાલ્યા ગયા અને આહાર પાણી લીધા વગર, વિરહની વેદનામાં તે દિવસ જંગલમાં ગાળ્યો.

શ્રીમદ્‌ના દેહવિલય બાદ પણ લલ્લુજી મુનિની શ્રીમદ્ પ્રત્યેની ભક્તિ તો વધતી જ ગઈ. આ અદ્‌ભુત અને અપૂર્વ ગુરુ ભક્તિ જોઈને, શ્રી રત્નરાજ સ્વામીએ, લલ્લુજી મુનિને "લઘુરાજજી" તરીકે સંબોધ્યા. લલ્લુજી મુનિની સર્વમાં પ્રભુ જોવાની દ્રષ્ટિથી, લોકોએ તેમને "પ્રભુશ્રી" તરીકે સંબોધ્યા.

ગુજરાતમાં ઘણા સ્થળોએ વિહાર કરી, શ્રી લઘુરાજ સ્વામીએ અનેક જીવોને મોક્ષમાર્ગે વાળ્યા. વૃદ્ધાવસ્થામાં શ્રી લઘુરાજ સ્વામીથી વિહાર કરવાનું નહીં બને, તેમ વિચારીને મુમુક્ષુઓએ તેમને આણંદ પાસે અગાસ ગામમાં સ્થિરવાસ કરવા વિનંતી કરી. લોક કલ્યાણના હેતુથી અગાસ ગામમાં શ્રી લઘુરાજ સ્વામીની છત્રછાયામાં, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમનો મંગળ પ્રારંભ થયો.

**શ્રી રત્નરાજસ્વામીએ, લલ્લુજી મુનિને "લઘુરાજજી" તરીકે સંબોધ્યા. લલ્લુજી મુનિની સર્વમાં પ્રભુ જોવાની દ્રષ્ટિથી, લોકોએ તેમને "પ્રભુશ્રી" તરીકે સંબોધ્યા.**

અગાસમાં નાના-મોટા, અમીર-ગરીબ, ગામડિયા-શહેરી, સ્ત્રી-પુરુષ વગેરે સહુ નાત-જાત કે ઉંમરના ભેદભાવ વિના આવવા લાગ્યા. પ્રભુશ્રીનો સહુ જીવો પ્રત્યેનો નિર્ભેદ પ્રેમ જોઈ, લોકો તેમને ભક્તિ-ભાવથી નમી પડતા અને ત્યાં રહી આત્મ કલ્યાણની સાથે સાથે આશ્રમમાં પણ વિવિધ સેવાઓ આપતા.

પરમ કૃપાળુ દેવનું (શ્રીમદ્ રાજચંદ્ર) સ્મરણ કરતા, ૮૨ વર્ષની વયે, પ્રભુશ્રી દેહવિલય પામ્યા. પ્રભુશ્રીની પરમકૃપાળુ દેવ પ્રત્યેની ભક્તિ અવર્ણનીય હતી. એમના રોમેરોમમાં ફક્ત કૃપાળુદેવ જ હતા. જે જીવો પ્રભુશ્રી પાસે આવતા, તેમને પોતાના તરફ નહીં વાળતા, જ્ઞાની પુરુષ શ્રીમદ્ રાજચંદ્રની ઓળખાણ કરાવી, જ્ઞાનીને જ સર્વસ્વ માનવા દર્શાવતા. જ્ઞાનીપુરુષની સાચી ઓળખાણ કરાવી, પોતે ગૌણ થઈ જતા.

પ્રભુશ્રીનું જીવન આપણને જ્ઞાની પુરુષ પ્રત્યેના અનન્ય પ્રેમ અને ભક્તિની ઝાંખી કરાવી જાય છે. મિત્રો, આ મહામૂલ્ય મનુષ્ય જીવનમાં આપણને પણ આત્મજ્ઞાની એવા પરમ પૂજ્ય દાદાશ્રીનો ભેટો થયો છે. તો આપણે પણ એમના પ્રેમમાં તરબોળ બની, આપણું કામ કાઢી લઈએ.

# જ્ઞાની પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર

શ્રીમંદ રાજચંદ્ર (શ્રી રાયચંદભાઈ) નો જન્મ સૌરાષ્ટ્રમાં આવેલા વવાણીયા ગામે, ૯ નવેમ્બર, ૧૮૬૭ના દિવસે થયો હતો. તેમના પિતાનું નામ રાવજીભાઈ મહેતા અને માતાનું નામ દેવબાઈ હતું.

સાત વર્ષની ઉંમરે તેમને શાળામાં દાખલો લીધો. તેમની યાદશક્તિ એટલી તીવ્ર હતી કે એક જ વાર પાઠ વાંચી જવાથી તેમને તે યાદ રહી જતો. એ યાદશક્તિને કારણે તેમને ઘરે પાઠ વાંચવાની જરૂર પડતી નહીં. શાળામાં શીખવાડતી વખતે શિક્ષક પાઠ વાંચી જાય તેટલાથી જ તેમને ચાલી જતું. આઠ વર્ષની ઉંમરથી તેમણે કવિતા રચવાની શરૂઆત કરી હતી. આઠમા વર્ષની ઉંમરે તેમણે ૫૦૦૦ કડીઓ રચેલી કહેવાય છે.

પહેલેથી જ તેઓ સ્વભાવે બહુ સરળ અને પ્રેમાળ હતા. શ્રીમદ્‌ના જ શબ્દોમાં તેમની તે સમયની અવસ્થા



જાણવા મળે છે, "તે વેળા પ્રીતી, સરળ વાત્સલ્ય, મારામાં બહુ હતી. સર્વથી એકત્વ ઈચ્છતો, સર્વમાં ભ્રાતૃભાવ હોય તો જ સુખ, એ મને સ્વાભાવિક આવડ્યું હતું. લોકોમાં કોઈ પણ પ્રકારથી જુદાઈના અંકુરો જોતો કે મારું અંતઃકરણ રડી પડતું."

આવો પ્રખર બુદ્ધિશાળી અને પ્રેમાળ વિદ્યાર્થી, શિક્ષકો અને સહાધ્યાયીઓને પ્રિય થયા વગર તો ના જ રહે ને ! વિદ્યાર્થીઓ અને શિક્ષકોને રાજચંદ્ર પર ખૂબ જ પ્રેમ હતો. વર્ગમાં શિક્ષક જોયા કરતા. અને શ્રી રાજચંદ્ર સાઠે ય વિદ્યાર્થીઓનું લેસન લેતા.

નાનપણથી જ તેમનામાં નવું જાણવાની, નવું સાંભળવાની અને નવું શીખવાની તથા તેના ઉપર મનન કરવાની ટેવ હતી. દશમે વર્ષે તો તેઓ ઘણા વિષયો ઉપર છટાદાર રસિક ભાષણો આપતા.

શ્રી રાજચંદ્રના પિતા કૃષ્ણની ભક્તિ કરતા હતા. તેમની પાસે નાનપણમાં રાજચંદ્રે કૃષ્ણભક્તિના પદો તથા જુદા જુદા અવતારોના ચરિત્રો સાંભળ્યા હતા. તે વખતથી જ તેમનામાં ઈશ્વરના દર્શન કરવાની તીવ્ર ઉત્કંઠા ઊભી થઈ હતી. તેર વર્ષની ઉંમરે તેમણે પિતાની દુકાને બેસવાનું શરૂ કર્યું. ત્યાં પણ

તેમણે પોતાનું વાંચન-મનન ચાલુ જ રાખ્યું. વખત મળે ત્યારે તેઓ પુસ્તકો વાંચતા અથવા તો કવિતાઓ રચતા. ક્યારેય સમય વેડફતા નહીં. કોઈને ઓછો વધારે ભાવ કહેતા નહીં કે કોઈને ઓછું વધારે તોળીને આપતા નહીં. આમ આટલી નાની ઉંમરે પણ વ્યવહારમાં નીતિ ધર્મ પર ભાર મૂકવાની વૃત્તિ તેમનામાં હતી.

ગૃહસ્થ આશ્રમમાં શ્રીમદે હજારોનો વેપાર ખેડ્યો. નાનપણથી જ તેમનામાં જે નીતિન્યાયના સંસ્કાર હતા તે વિકાસ પામતા ગયા. માલ પોતે જાતે તપાસીને જ ખરીદવો, એક જ વેચાણભાવ રાખવો, વ્યાજબી નફો જ લેવો, કોઈનું દિલ દુભાય નહીં તેમ વર્તવું, ગમે તેટલો નફો થતો હોય તો પણ આપેલા વચનથી ફરવું નહીં વગેરે, વેપારના ઉચ્ચતમ નિયમો તેઓ સતતપણે જાળવતા.

મહાત્મા ગાંધીજીએ નોંધ્યું હતું, "ધર્મકુશળ એ વ્યવહારકુશળ ન હોય, એ વહેમ શ્રી રાયચંદભાઈએ (શ્રીમદ્) ખોટો સિદ્ધ કરી બતાવ્યો હતો. પોતાના વેપારમાં પૂરતી કાળજી અને હોંશિયારી બતાવતા. આટલી કાળજી અને હોંશિયારી છતાં વેપારની તાલાવેલી કે ચિંતા ન રાખતા. જેવી વેપારની વાત પૂરી થાય કે તરત તેઓ કોઈ ધાર્મિક પુસ્તક કે નોંધ ઉઘાડી લેખન વાંચનમાં લાગી જતા. કારણકે તેમનો રુચિનો વિષય વેપાર નહીં પણ આત્માર્થ હતો.



આમ શ્રીમદ્ એક પ્રમાણિક અને કુશળ વેપારી તરીકે પણ આપણી સામે તરી આવે છે.

જેમ જેમ પુષ્પની સુગંધ ફેલાય, તેમ ચારેય દિશાઓમાંથી ભમરાઓ તે તરફ સ્વંય આકર્ષિત થઈ જાય છે. એમ કૃપાળુદેવ (શ્રીમદ્ રાજચંદ્ર) તરફ પણ જિજ્ઞાસુ સાધકો, વિદ્વાનો, સાધુ અને ગૃહસ્થ બધા જ વર્ગના મનુષ્યો ખેંચાવા લાગ્યા.

આ ઉજ્જવળ જ્ઞાન પ્રકાશનો લહાવો, કાવિઠાના બાળકોને પણ પ્રાપ્ત થયો હતો. એક વખત કાવિઠાના નિશાળિયાઓ કૃપાળુદેવ સાથે વગડામાં જઈને બેઠા.

કૃપાળુદેવે પૂછ્યું, "બાળકો, તમારા એક હાથમાં છાશનો લોટો હોય અને બીજા હાથમાં ઘીનો લોટો હોય અને માર્ગે જતાં કોઈનો ધક્કો વાગે તો કયો લોટો સાચવો ?"

એક છોકરાએ જવાબ આપ્યો, "ઘીનો લોટો"

કૃપાળુદેવે કારણ પૂછ્યું તો બાળકે કહ્યું, "છાશ તો કોઈ ભરી આપે, પણ ઘીનો લોટો કોઈ ભરી આપે નહીં." આ દાખલાનો સાર સમજાવતાં કૃપાળુદેવે કહ્યું, "ઘી જેવા મૂલ્યવાન આત્માને સાચવવો અને આપત્તિ આવે ત્યારે છાશ જેવા દેહને જતો કરવો."

ફરી કૃપાળુદેવે પૂછ્યું, "બાળકો, તમે બકરી દીઠી છે ?"

બાળકોએ "હા" પાડી.

"ઠીક ત્યારે. પાડો જોયો છે ?" કૃપાળુદેવે પૂછ્યું.

"હા, ભેંસ જેવો હોય !" બાળકોએ જવાબ આપ્યો.

કૃપાળુદેવે જણાવ્યું, "બકરી તળાવે પાણી પીવા જાય, તો કાંઠા ઉપર ઊભી રહીને પાણી પી લે. જ્યારે પાડો પાણી પીધા વિના આવે."

છોકરાઓએ પૂછ્યું, "એમ કેમ ?"

કૃપાળુદેવે દાખલાનો બોધ સમજાવતાં કહ્યું કે પાડો તળાવમાં જઈને પાણીને ડોળી (વલોવી, હલાવી) નાખે છે. તેથી તે પી શકતો નથી. પાડાની માફક અમુક જીવો જ્ઞાની પુરુષ પાસે પોતાનું ડહાપણ ડોળે છે. તેથી જ્ઞાની પુરુષની વાતનો સાર પામી શકતા નથી. જે જીવો સરળભાવે જ્ઞાની પુરુષની વાત અંતરમાં સમાવે છે, તે બકરીની માફક પાણી પી જનાર સમજવા. આમ, સદા સરળ દ્રષ્ટાંતો વડે, કૃપાળુદેવે બાળકોને ઊંડી સમજણ આપી હતી.

એક વખત કૃપાળુદેવ ધરમપુરના પહાડી પ્રદેશમાં થોડા દિવસ રહેવા ગયા હતા. તે અરસામાં, કોઈ પોલીટીકલ એજન્ટ ત્યાં શિકાર કરવા આવ્યા. તેમના માટે શિકારની ગોઠવણ કરવામાં આવી. પણ, જ્યાં સુધી કૃપાળુદેવની હાજરી એ વિસ્તારમાં હતી, ત્યાં સુધી એજન્ટ સાહેબને કોઈ શિકાર પ્રાપ્ત થયો નહીં.

જ્ઞાની પુરુષની હાજરીનો પ્રભાવ કેવો અદ્‌ભૂત હોય ! એમની હાજરીમાં સહુ જીવોને રક્ષણ પ્રાપ્ત થાય.

એકવાર વવાણીયામાં કૃપાળુદેવ મૂળજીભાઈ ભાટિયા સાથે ફરવા નીકળ્યા. તેઓ સ્મશાનથી થોડે દૂર ઊભા હતા. સ્મશાન તરફ જોતાં, કોઈ સળગતી વસ્તુ ચાલતી દેખાઈ. પછી, બે, ચાર, છ, દસ, સ્થાનોએ આવો પ્રકાશ ચાલતો દીઠો. એ જોઈ, મૂળજીભાઈ ભય પામ્યા. મૂળજીભાઈનો ભય નિવારવા કૃપાળુદેવે કહ્યું, "ચાલો, આપણે ત્યાં જઈને જોઈએ." સ્મશાન તરફ જતાં, રસ્તામાં એક માણસ મળ્યો. પૂછ-પરછ કરતાં, ખબર પડી કે એક



મુસલમાન ગુજરી ગયો હતો અને રાત હોવાથી મશાલચીયો કબ્રસ્તાન તરફ જઈ રહ્યા હતા.

સાચી વાતની જાણ થતાં જ, મૂળજીભાઈનો ભય ઓગળી ગયો. આ પ્રસંગ પરથી શ્રીમદ્‌જીએ સમજણ આપી કે અજ્ઞાનને લઈને જ ભય લાગે છે. સાચું જ્ઞાન થતાં જ સર્વ પ્રકારના ભય ઓગળી જાય છે.

કૃપાળુદેવનું આયુષ્ય તેત્રીસ વર્ષનું હતું. આ અલ્પ આયુષ્ય કાળ દરમિયાન ઘણાં જીવો કૃપાળુદેવના પરિચયમાં આવીને, તેમનાથી પ્રભાવિત થયા હતા. પણ અમુક જ સાધકોએ તેમની યથાર્થ ઓળખાણ પામીને, જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.


મિત્રો, કૃપાળુદેવે કહ્યું છે મોક્ષ અતિ અતિ સુલભ છે પણ 'જ્ઞાની પુરુષ'નો ભેંટો થવો અતિ અતિ દુર્લભ છે. આપણે અત્યંત પુણ્યશાળી છીએ કે આપણને જ્ઞાની પુરુષ શ્રી દાદા ભગવાનની ઓળખાણ થઈ છે અને એમનો યથાર્થ સાંધો પ્રાપ્ત થયો છે. તો ચાલો, દાદાશ્રીએ આપેલી સમજણ અંતરમાં સમાવીને, આપણું કામ કાઢી લઈએ.

# ચાલો રમીએ...




**૧.** પ્રશ્નાર્થચિહ્નની જગ્યા પર કયો નંબર આવશે ? તે શોધો.

**૨.** નેન્સીને પ્રશ્નાર્થચિહ્નની જગ્યા પર કયા કલરનો ટુકડો અને નંબર આવશે તે શોધવામાં મદદ કરો.




1) 7 2) 6



# મીઠી યાદેં

નીરુમા 'દાદા દર્શન' રહેતા હતા એ સમયની વાત છે. એ દરમિયાન નીરુમાનું તીર્થંકરોનું યથાર્થ તત્વદર્શન સિરીયલનું શૂટિંગ ચાલતું હતું. એક બ્રહ્મચારી ભાઈ કાયમ માટે નીરુમા પાસે આવી ગયાને લગભગ એકાદ વર્ષ થયું હશે. એ ભાઈ એમની સેવામાં જાય ત્યારે નીરુમાનું શૂટિંગ ચાલતું હતું ત્યાં ડોકિયું કરતા જાય. શૂટિંગમાં જો રીસેસ જેવું હોય તો બે મિનિટ અંદર જઈને દર્શન કરીને નીકળે. નહીંતર બહારથી જ દર્શન કરીને નીકળી જાય.

એવી જ રીતે એકવાર સવારે દસ વાગે પેલા ભાઈ જતા હતા. નીરુમાના રૂમનો દરવાજો થોડો ખુલ્લો હતો. અંદર કોઈ હતું નહીં. પેલા ભાઈ અંદર ગયા. નીરુમા પલંગ પર સૂતા સૂતા આપ્તવાણી વાંચતા હતા.

નીરુમાએ એ ભાઈને જોયા એટલે અંદર બોલાવ્યા અને બેસાડ્યા. પછી પૂછ્યું, "કેવું ચાલે છે ? વિધિ, વાંચન, સામાયિક, પ્રતિક્રમણ થાય છે ને ?"

ભાઈએ કહ્યું, "ના નીરુમા, પોલ વાગે છે. માંડ અડધા-પોણાકલાક જેવું થતું હશે."

આ સાંભળી નીરુમા બોલ્યા, "જો, અત્યારે સવારે સાડા દસ વાગે કોઈ દિવસ તેં અમને સૂતા જોયા છે ?

ભાઈએ કહ્યું, ના નીરુમા, મને પણ પ્રશ્ન તો થયો કે તમે કેમ સૂતા છો ?

નીરુમા કહે, અત્યારે અમને તાવ છે. એક-બે ડિગ્રીનો તાવ હોય તો અમે કોઈને ખબર પડવા દઈએ ? ત્રણ કે ચાર ડિગ્રીનો આવ્યો હોય તો જ કોઈને ખ્યાલ આવ્યો હોય, કે શરીરના થોડા હાવભાવ ચેન્જ થયા હોય. એટલે આજે રેકોર્ડિંગ બંધ રાખ્યું. એટલે અમે સૂતા સૂતા વાંચન ચાલુ કર્યું. અમને કોઈ ના પાડનાર છે ? અમને દિવસે બાર કલાક સૂવું હોય તો પણ કોઈ ના પાડનાર છે ? એટલે આપણે તો આપણા રૂટિનમાંથી આનો સમય કાઢવાનો છે. આ બધાંની વચ્ચે પણ ઝૂકવા જેવું નથી. આપણે આપણું કામ કર્યે જવાનું."

નીરુમાની વાત પેલા ભાઈને બહુ ટચ થઈ ગઈ કે, જ્ઞાનીઓ તો એક ડગલું આગળ જ હોય. છતાં તેઓ એક સમય પણ વ્યર્થ નથી જવા દેતા. ગમે એટલી માંદગી હોય કે કંઈ પણ હોય. અને આપણને જરાક અમથું માથુ દુઃખતું હોય તો ય નિરાંતે સૂઈ જઈએ.

**અહો! અહો! નીરુમા.....! તમને મારા કોટિ કોટિ સલામ !**



# અને છેલ્લે છેલ્લે...

પ્રશ્નકર્તા : સંત પુરુષ, સત્ પુરુષ અને ખાસ કરીને જ્ઞાની પુરુષ આપણી વચ્ચે હાજર છે તો એની કિંમત કેમ આપણને નથી સમજાતી ? જો આજે કૃષ્ણ ભગવાન કે મહાવીર સ્વામી આપણી વચ્ચે હોય તો એની કેટલી કિંમત હોય તો એવી જ્ઞાનીની સાચી ઓળખાણ કે કિંમત કેમ નથી થતી ?

દીપકભાઈ : ઓળખાણ નથી પડી માટે. ફક્ત પરિચય છે. એક માણસને જોયો હોયને કે આ આપણા પાડોશમાં આવ્યા છે, સારા છે, ઓળખું આને ઓળખું. એ ઓળખ્યા એટલે ઓળખ્યા ના કહેવાય. પરિચય એટલે શું ? કે ફક્ત એનું સાધારણ ખબર પડે. બહુ જૂજ. પછી છ-બાર મહિના જાય ને પછી વધારે ટચમાં આવે. કોક દહાડો આપણે એમને ત્યાં જમવા જઈએ, ક્યારેક એ આપણે ત્યાં જમવા

*આવે. ત્યારે વધારે ખબર પડે કે એમનો સ્વભાવ સારો છે. સેવાભાવી છે. એટલે ઓળખાણ પડી થોડીક. ઓળખાણ એટલે એની પ્રકૃતિના લક્ષણો ખબર પડે કે આને લાખ રૂપિયા આપ્યા હશે તો ચોરી નહીં જાય. ગોટાળો નહીં કરે. બહુ ભલા સ્વભાવનો છે. એ ઓળખાણ પડી. આમ જેટલી જેટલી ઓળખાણ પડે એટલી કિંમત સમજાતી જાય.*

પ્રશ્નકર્તા : *ઓળખાણ વધારવા માટે શું કરવાનું?*

દીપકભાઈ: *ઓળખાણ વધારવા માટે આ પરિચય વધારવો. આ સત્સંગમાં, જાત્રામાં, શિબિરમાં પરિચય વધતો જાય. પરિચય જેમ જેમ વધે તેમ ઓળખાણ વધે અને ઓળખાણ જેટલા અંશે વધે, એટલા અંશે એ રૂપ થવાય.*

દાદા કહે ને કે, તમે અમને **સાધુ જેવા** ઓળખશો તો તમે સાધુ જેવા થશો, અમને **આચાર્ય રૂપે** ઓળખશો તો તેવા થશો. **જ્ઞાની જેવા** ઓળખશો તો જ્ઞાની અને **ભગવાન જેવા** ઓળખશો તો ભગવાન થશો. **પરમાત્મા જેવા** ઓળખશો તો પરમાત્મા થશો. **કેવળજ્ઞાની જેવા** ઓળખશો તો કેવળજ્ઞાની થશો.

**ઓળખાણવાળાને શંકા જ ના પડે. ગમે તેવી પરિસ્થિતિમાં એ ઓળખેલા હોય એ જ રહે. આજે દાદા ગમે તેવું કોઇને તમાચો મારતા હોય, તો નીરુમાને એમ ના થાય કે, આ દાદા જો, બગડી ગયા. શંકા જ ના પડે ને. ઓળખાણ પડી ગઇ કે, જ્ઞાની એટલે આ જ.** *પોતે જ્ઞાનમાં જ હોય, આત્મામાં જ હોય, દેહમાં એક ક્ષણ ના હોય. એ દેહ ગમે તેવું કાર્ય કરતો હોય પોતે માલિક જ ના હોય. એ ઓળખાણ પડવી એટલે તો તે રૂપ કરી નાંખે. આ ઓળખાણ કરવામાં ખૂટે છે.*

પ્રશ્નકર્તા : *સંસારની વેલ્યુ વધારે મૂકાઈ ગઈ છે એટલે જ્ઞાનીની વેલ્યુ નથી સમજાતી?*

દીપકભાઈ : *સંસારનો પરિચય વધ્યો છે. એમાં વિષયની વેલ્યુ મૂકી છે, માનની વેલ્યુ મૂકી, પૈસાની વેલ્યુ મૂકી, આવડતની વેલ્યુ મૂકી, કર્તાપણાની વેલ્યુ મૂકી એટલે આ બાજુનું બંધ થતું જાય. એટલે જ તો આ પરિચય માંગે છે. એક દહાડો સત્સંગમાં આવે અને બાર દિવસ ન આવે તો પરિચય વધે શી રીતે ?*

*દાદા કહે છે કે, અમારી ઓળખાણ આ નીરુમાને ઓળખાણ પડી ગઈ હતી. છોડવા નથી એક સેકન્ડેય દાદાને. આ એમનું મોટું દવાખાનું હતું તો ય કહે ના, હું આ જ્ઞાનીની સેવા કરીશ. એ ઓળખાણ પડી ગઈ.*


*આ મારો જ આત્મા, મારું મોક્ષનું કામ અહીંથી જ થશે. એમને આધીન રહું, એમને સર્વસ્વ મારું અર્પણ એવું એમને થઈ ગયું હતું, એ ઓળખાણ પડી કહેવાય. ઓળખાણ વધતી વધતી સંપૂર્ણ ઓળખે ને તે રૂપ થઈ જાય. નીરુમાને એટલી બધી ઓળખાણ પડી ગઈ હતી કે પોતે તેવા થઈ શક્યા. આત્મરૂપ થઈ શક્યા.*

# ઓરીગ્સે કરી નવી ખોજ!


ઓરીંગ્ટન શહેર બહુ કંટાળાજનક લાગે છે !
મને પણ એવું જ લાગે છે.
જો તમે બધા ફ્રી હોવ તો મારી સાથે આવશો ?
હા, પણ જો આપણે કંઈક નવું કરવાના હોય તો જ !
મને ખાતરી છે કે આવું તો તમે પહેલા ક્યારેય નહીં જ કર્યું હોય.
એવું તો શું છે ?
એ એક જોવા જેવી દુનિયા છે. એક એવી જગ્યા જ્યાં આપણે 'સેવા' આપીને નિઃસ્વાર્થપણે મદદ કરી શકીએ છીએ.
વાહ.....શું હું પણ ત્યાં જઈ શકું ?
હા, આપણે બધા જ જઈ શકીએ પણ મેં એવું સાંભળ્યું છે કે એમાં ભાગ લેવા માટે આપણે બહુ એક્ટીવ, ઉત્સાહિત અને જોશથી ભરપૂર હોવા જોઈએ.
અરે વાહ ! આપણે ક્યારે જવાનું છે...શું આપણને વેબપેજ પરથી વધારે માહિતી મળી શકશે ?




## http://jjd.dadabhagwan.org/










**નવા ઓરીગ્સને મળવા માટે આ QR કોડને સ્કેન કરો.**

Visit:
kids.dadabhagwan.org

Akram Express

**July 2018**
**Year : 10, Issue : 11**
**Conti. Issue No.: 119**

BALVIGNAN

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month




**<u>અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના</u>**

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં# હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #**. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.